# સુરત મહાનગરપાલિકા

## જાહેરનામું

* * *

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઇરસના સંક્રમણને ધ્યાને લેતા, શહેરના કેટલાક વિસ્તારમાં સોશીયલ ડીસ્ટન્સીંગ (Social Distancing) જળવાવુ જોઈએ તે જળવાતું નથી. જેથી નોવેલ કોરોના વાયરસ COVID-19નું સંક્રમણ ફેલાવવાની ઘણી શકયતાઓ રહેલી છે.

આથી હું બંછાનિધિ પાની,IAS, કમિશનર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીઝીસ એકટ-૧૮૯૭ ની કલમ-૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Date:-20/03/2020ના પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ સાઉથ ઇસ્ટ ઝોન (લીંબાયત)ના ભાઠેના વિસ્તારમાં આવેલા નવકેતન પાર્ક, એલ એન પાર્ક, રણછોડનગર, આઈશ્રી ખોડીયારનગર, રામદેવનગર, શિવ ટાઉનશીપ, શિવ શક્તિનગર, પુષ્પાનગર-૧ & ૨, અમનનગર-૧, ૨ & ૩, સત્ય સાઈનાથ સોસાયટી, શ્રી રામેશ્વરનગર, લક્ષ્મીનગર, એમ.બી.નગર, શિવાની પાર્ક, સાઈનાથ સોસાયટી, ગાંધી એસ્ટેટ ઇન્ડ., શિવશંભુનગર, નસરવાનજી પાર્ક, હરી ઓમ ઇન્ડ., આર.કે. એસ્ટેટ ઇન્ડ., જરી કસબ (ભાઠેના-૨) ઇન્ડ., કેવલકૃપા ઇન્ડ., નસરવાનજી એસ્ટેટ ઇન્ડ., આશીર્વાદ પાર્ક, ઉષાનગર, શિવ શંકરનગર, સરસ્વતી ઇન્ડસ્ટ્રીઝ, જરી કસબ (ભાઠેના-3) ઇન્ડ., મહાવીરનગર, શિવ કૃપાનગર, સત્યમ ઇન્ડસ્ટ્રીઝ, મહાવીરનગર, શિવ કૃપાનગર, સત્યમ ઇન્ડસ્ટ્રીઝ, શિવ દર્શન, શિવમ સોસાયટી, સુવિધાનગર, ક્રિષ્ણાપાર્ક વિસ્તારમાં આવેલ ૧૨૦૦૧ ઘરમાં રહેતા ૪૯૯૬૭ લોકોને CLUSTER તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમ કવોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરુ છું.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ./ ૪૦

તા.૨૬/૦૪/૨૦૨૦

કમિશનર

સુરત મહાનગરપાલિકા

નકલ સ. રવાના: પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર, સુરત પ્રતિ...Containmentની કાર્યવાહી અર્થે

નકલ સ. રવાના: કલેકટરશ્રી, સુરત પ્રતિ...